## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




શુ માથાની, સેફ્ટી સેફ્ટી કરો છો... વચ્ચે હેલ્મેટ ન હતા ચેક કરતાં તો, હેલ્મેટ માળીયે ચડાવી દીધી... આ જુઓ માળીયામાંથી પડ્યો... એમાં માથાની હાલત...!!

# અડાલજ પોલીસ ઊંઘતી ઝડપાઈ

## તારાપુર પાસે રાત્રે દારૂના કટીંગ વખતે જ એસઓજીનો દરોડો : વિદેશીદારૂની પેટીઓ ભરેલા બંધ બોડીના ડાલામાંથી આઈ-૨૦ અને સ્કોડા ગાડીમાં દારૂનો જથ્થો ભરવાની તૈયારીમાં હતા બુટલેગરો : રૂ. ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ : ત્રણ બુટલેગર નાસી છુટયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસઓજીની ટીમ રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં તારાપુર પાટીયા પાસે ત્રણ વાહનો શંકાસ્પદ હાલતમાં રોડની બાજુમાં ઉભેલા નજરે ચઢયા હતા. નજીક જઈને જોયું તો વિદેશી દારૂનું કટીંગ ચાલી રહ્યું હતું. એસઓજીની ટીમે દરોડો પાડતા બુટલેગરો ગાડીઓ મુકીને ફરાર થઈ ગયા હતા જયારે એક શખ્સ સકંજામાં આવી ગયો હતો. બંધ બોડીનું પીક અપડાલુ, આઈ-૨૦ કાર અને સ્કોડા કાર મળીને ત્રણ વાહનો તથા રૂ. ૧.૨૦ લાખની કિંમતનો દારૂનો જથ્થો મળી કુલ રૂ. ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી લેવામાં આવી છે. એસઓજીએ ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે. આ કિસ્સામાં અડાલજ પોલીસ ઉંઘતી ઝડપાઈ છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની ટીમના પીએસઆઈ મેહુલ ચૌહાણ તથા કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ, ગૌતમભાઈ સહીતના માણસો



મોડી રાત્રે પેટ્રોલીંગમાં હતા. ટીમ તારાપુર પાટીયા પાસે પહોંચી તો રસ્તાની સાઈડમાં એક બંધ બોડીના પીકઅપ ડાલામાંથી વિદેશી દારૂનું બે ગાડીઓમાં કટીંગ થઈ રહેલું નજરે ચઢયું હતું. ટીમે દરોડો પાડતા પોલીસને જોઈને ત્રણ બુટલેગરો અંધારામાં નાસી છુટવામાં સફળ રહ્યા હતા. જયારે નવા વાડજનો એક શખ્સ ધનંજય જેસીંગ પરમાર પકડાઈ ગયો હતો. પોલીસે ડાલા નં. જીજે ૦૧ ડી.ટી. ૬૯૯૬ તથા આઈ-૨૦ કાર નં. જીજે ૨૭ એએ ૫૨૯ અને સ્કોડાની કાર નં. જીજે-૧-એચ.એન. ૨૦૩૪ મળી ત્રણ વાહનો જપ્ત કરી લીધા હતા. ત્રણેય વાહનમાંથી રોયલ સ્ટેગની કુલ ૨૭ પેટી (૪૩૨ બોટલ) દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૧૧ લાખની કિંમતના ત્રણ વાહનો તથા રૂ. ૧,૨૯,૬૦૦ની કિંમતનો દારૂનો જથ્થો મળીને કુલ રૂ. ૧૨,૨૯,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ એસઓજીએ જપ્ત કરી અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે. જયારે ધોળાકુવાના બુટલેગર મુકેશ ગણેશ ઠાકોર તથા અન્ય બે ફરાર છે.

### સઈજ ઓવરબ્રીજ પાસેથી દેશી દારૂના કોથળા ભરેલી રીક્ષા પકડાઈ

**બે મહિલાઓ સહિત ત્રણ શખ્સોની ૨૭૨ લીટર દેશી દારૂના જથ્થા સાથે ધરપકડ : દારૂ અમદાવાદ લઈ જવાઈ રહ્યો હતો**

ગાંધીનગર એસઓજીની ટીમ રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ ગૌતમભાઈને બાતમી મળી કે કલોલ મહેસાણા હાઈવે પર શેરથા તરફથી દારૂની હેરાફેરી કરતી રિક્ષા નીકળી છે. સઈજ ઓવરબ્રીજ પાસે વોચ પર ગોઠવાઈ જઈ એસઓજીની ટીમે બાતમી વળી રિક્ષા પકડી પાડી હતી. બે મહિલા લતા રાજુ ચુનારા અને કોકીલા અનિલ ચુનારા ઉપરાંત રીક્ષા ચાલક હસમુખ દાદુ ચુનારા મળી ત્રણ શખ્સો દેશી દારૂના આઠ મોટા કોથળાની હેરાફેરી કરતા પકડાઈ ગયા હતા. દરેક કોથળામાં પોટલીઓ ભરેલી હતી. ૨૭૯ લીટર દારૂ જપ્ત કરી રિક્ષા સાથે રૂ. ૪૫,૪૪૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

### આજે ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજનો ૨૧મો સમુહલગ્ન યોજાશે

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ કુડાસણ યોજિત ૨૧મો સમુહલગ્ન તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ કુડાસણ મુકામે સમાજની વાડીમાં યોજાશે જેમાં ૧૭ નવદંપતી પ્રભુતામાં પગલા માંડશે. નવદંપતીઓને આશીર્વાદ આપવા તમામ પરિવારોને ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજે આમંત્રણ પાઠવેલ છે તેમ મહામંત્રીશ્રી કાન્તીલાલ ગુર્જર અને પ્રમુખશ્રી ભરતભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

### રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૩મી ફેબ્રુઆરીને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ ટાઈપ, સેકટર-૨૩ ખાતે માસિક બેઠક યોજાશે. આ બેઠકમાં અમેરિકાના જાણીતા લેખક અને રેશનાલિસ્ટ ભુપેન્દ્રસિંહ રાઓલ દ્વારા 'રેશનાલીઝમ અને આપણે' વિષય અંતર્ગત વકતવ્ય આપવામાં આવશે. સર્વે સભાસદ મિત્રને આ બેઠકમાં હાજર રહેવા સમાજના મંત્રી પંકજ પટેલે જણાવ્યું છે.

### જીવનસાથી પસંદગી મેળાના ફોર્મ મેળવવા જોગ

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૨૩મી એપ્રિલે વડોદરામાં ૪૬મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. ગાંધીનગરમાં આ ઉમેદવારી પત્ર શ્રી કાન્તીલાલ બી. વ્યાસ પ્લોટ નં. ૩૫૨/એ/૨ સેકટર-૧૨-સી પોલીસચોકી સામેથી રૂબરૂમાં મળી શકશે. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૦૩૩૦૭૪નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આગામી ૧૭મીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ અંતર્ગત જિલ્લાકક્ષાની યોજાયેલ નિબંધ સ્પર્ધામાં વિજેતાઓની રાજયકક્ષાની નિબંધ સ્પર્ધા યોજાશે.

● આજે વસંતપંચમીને પગલે લગ્નો બહુ હોવાથી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી પણ પાંખી હતી.

● ગાંધીનગર જિલ્લાના બિલોદરા ખાતે હોમીયોપેથીનો પથરી, મસા અંગેનો નિદાન કેમ્પ યોજાયો હતો. જેનું ઉદ્‌ઘાટન જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોરે કર્યુ હતું.

● ગાંધીનગર જિલ્લામાં રવિ પાક તૈયાર થઈ જવા આવ્યો હોવાથી ખેડૂતો લણણીના આયોજનમાં વ્યસ્ત બન્યા છે.

● ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારોમાં ચોમાસામાં થયેલા નુકશાનનું વળતર હજુ સુધી નહિ ચુકવવામાં આવતાં લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

● ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આજે કામધેનુ યુનિ.નો પદવીદાન સમારોહ યોજાયો હતો.

### આપના કાર્યકરોએ ફરીવાર દેખાવો કર્યા

અમદાવાદ, તા. ૧૨

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પુત્રી અનાર પટેલના કહેવાતા જમીન સોદાબાજી મામલે અમદાવાદમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ દેખાવો કર્યા હતા. મુખ્યમંત્રીના મત વિસ્તારમાં ૨૦૦થી પણ વધુ કાર્યકરો એકત્રિત થયા હતા અને મુખ્યમંત્રી વિરોધી પોસ્ટર સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના રાજીનામાની માંગ પણ કરાઈ હતી. આને લઈને સુરક્ષા પણ મજબૂત રાખવામાં આવી હતી. ઘાટલોડિયા વિસ્તારમાં એએપીના કાર્યકરો એકત્રિત થયા હતા.



મહેસાણામાં કોલેજીયન યુવતી પર થયેલ એસીડ એટેકના પગલે ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા આજે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજવામાં આવ્યા હતા અને ધરણાને અંતે કલેકટરશ્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

# ગાંધીનગરના છ રમતવીરોને સરદાર પટેલ અને જયદિપસિંહ એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૧૨

રાજયના રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા રમત ગમત ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનાર રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે સરદાર પટેલ સિનિયર જુનિયર, જયદિપસિંહ સિનિયર, જુનિયર અને સાહસ શોર્ય સેવા એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર રાજયભરના કુલ ૧૭૮ રમતવીરો સન્માનિત કરવામાં આવશે. જેમાં ૨૮ સરદાર પટેલ સિનિયર એવોર્ડ, ૭૧ સરદાર પટેલ જુનિયર એવોર્ડ, ૯ જયદિપસિંહ સિનિયર એવોર્ડ, ૭૦ જયદિપસિંહ જુનિયર એવોર્ડ તેમજ સાહસ શોર્ય સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર ૩ વ્યકિતાનો રાજયપાલના સુવર્ણ ચંદ્રક એવોર્ડ અનો રોકડ સહિત પ્રમાણપત્ર આપવામાં આવશે.





● અનુસંધાન પાના - ૭ પર

# સરકારી સહાય વિના પણ શહેર જેવી સુવિધા ધરાવતુ અનોખુ ગામ

## ગામની બહેન- દિકરીઓને ઘરની બહાર શૌચક્રિયા માટે જવું ના પડે તે માટે ગામમાં ૨૮૦ શૌચાલયો જાતનાતના વાડા વિના તૈયાર કરાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાનું ઈસનપુર મોટા ગામ સરકારી સહાય વિના શહેરી વિસ્તારમાં હોય તેવી સારી સુવિધા ધરાવે છે. ઉધોગક્ષેત્રે



સંકળાયેલા ગામના અગ્રણી વિષ્ણુભાઈ પટેલ દ્વારા ગામને શહેરીકરણ બનાવવા માટે રુ.૧૦ કરોડ નો ખર્ચ કરવામાં આવશે તેમજ ગામને જિલ્લાનું સૌથી સુંદર ગામ બનાવવામાં માટે ગ્રામજનો પણ પોતાનો સહયોગ આપી રહ્યા છે.

ગાંધીનગર નજીક ચિલોડા ચાર રસ્તાથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે આવેલુ ઈસનપુર મોટા ગામ ૪ હજારથી વધુ વસ્તી ધરાવતું ગામ છે. પરંતુ ગામમાં પાયાની માળખાકીય સુવિધા જોઈ ગામમાં આવેલા સૌ કોઈ મોંમા આંગળા નાંખી દે છે. આ ગામને સુંદર સુવિધા પુરી પાડવા માટે સરકારી તંત્ર દ્વારા જે કોઈ રકમ મળતી હોય તેમાંથી આવી સુંદર વ્યવસ્થા પુરી પાડી શકાય નહીં. પરંતુ ગામમાં



જન્મેલા અને ગામ પ્રત્યે અપાર પ્રેમ વરસાવતા ઉધોગક્ષેત્રે સંકળાયેલા સેવાભાવી વિષ્ણુભાઈ પટેલ (સદ્‌ભાવ એન્જીનીંયરીગ લિમિટેડ)ના સ્થાપક નાના પાયે શરુ થયેલી કંપની અત્યારે હાલ તો વટવૃક્ષ બની ગઈ છે જેનો લાભ ગ્રામજનોને મળી રહ્યો છે. ગામ સાથેનો નાતો અતુટ





હોવાને કારણે ગામને પણ શહેર જેવી સુવિધા પુરી પાડવાની નેમ વિષ્ણુભાઈએ લીધી છે. સરળ અને શાંત સ્વભાવના વિષ્ણુંભાઈ ગામમાં સામાજીક અને ધાર્મિક પ્રસંગે અમદાવાદથી ઈસનપુર આવે છે. ગામને સરકારી સહાય વિના પણ સુંદર અને રળીયામણું બનાવ્યું છે. તેઓને સરકારી યોજના પસંદ પડે કે તેઓ તુરંત તે દિશામાં ગામ શું ખુટે છે તે દિશામાં આગળ વધીને કાર્ય પૂર્ણ કરે તેઓએ ઘરે ઘેર શૌચાલયની યોજના પસંદ પડતા ગામમાં સંડાસ-બાથરુમ ના હોય તેવા ઘરની યાદી તૈયાર કરીને કામ શરુ કર્યુ છે. અત્યાર સુંધીમાં ગામમાં નાત જાત જોયા વિના ૨૮૦ પરિવારોને અંદાજીત ૩૫ હજાર રુપીયાના ખર્ચે તૈયાર થયેલા સંડાસ બાથરુમ આપવામાં આવ્યા છે. ગામમાં ૫૬ લાખના ખર્ચે સીસી રોડ તૈયાર કરવામાં આવ્યા છે. જેથી ગામમાં ગંદકી કે રોડ તુટેલા ફુટેલા જોવા મળે નહી. ગામમાં શહેરી વિસ્તારની જેમ ગામમાં ડોર ટુ ડોર કચરો લેવા માટે ટ્રેકટર ફરે છે જેમા ગ્રામજનો પોતાનો કચરો તેમા નાંખી ગામને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે જોડાયેલા છે. ગામના પનોતા પુત્ર ગણાતા વિષ્ણુભાઈએ નાના બાળકોની આંગણવાડી હતી જે જર્જરીત હાલતમાં હતી તેને રુ.૨૦ લાખના ખર્ચે અધ્યતન બનાવી દીધી છે. જયારે ગામમાં હજુ એક આંગણવાડીનું કામ ચાલુ હાલતમાં છે જે ટુંક સમયમાં તૈયાર થઈ જશે. જયારે ગામમાં હજુ એક પણ મકાન છાપરાવાળુ ના હોવું જોઈએ તે માટે હાલ સર્વે ચાલી રહ્યો છે ત્યારબાદ દરેકને પોતાના ખર્ચે મકાન તૈયાર કરી આપવામાં આવશે જેથી ગામનો નાગરીક પણ ધાબાવાળા ઘરમાં પોતાના પરિવાર સાથે પોતાનું જીવન સુખમય રીતે પસાર કરી શકે. અત્યાર સુધીમાં ગામમાં કરોડો રુપીયાનો ખર્ચ થઈ ગયો છે. પરંતુ આગામી સમયમાં ગામમાં સુંદર ગાર્ડન,વાઈફાઈ અને ફોર-વે માર્ગ બનાવાનું આયોજન છે. ગામમાં હોસ્પિટલ, આંગણવાડી, ઢોરને પાણી પીવા માટેની વ્યવસ્થા,સત્સંગ હોલ, મંદિર, સહિતની સુવિધાઓથી સજ્જ ઈસનપુર મોટા ગામની એકવાર મુલાકાત લેવા જેવી છે. સરકારી સહાય વિના



ગામને સુવિધાથી સજ્જ કરવા માટે કરોડો રુપીયાનો ખર્ચ કરતા પણ સેવાભાવી અચકાતા નથી.